C.C. No.1017/2023
Ex. No.

(નમુનો :– અ)

ધોળકાના મહે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી બી.એમ.ગઢીયા સાહેબની કોર્ટમાં, મુ.તા.ધોળકા, જી.અમદાવાદ(રૂરલ)		
ચુકાદાની તારીખ	:	૩૦/૦૪/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	:	૧૦૧૭/ ૨૦૨૩
પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર. નંબર	: :	–
ગુનો	:	નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ

ફરીયાદી	:	પટેલ રાકેશભાઈ નટવરભાઈ રહે.મોટો ભાગ,વાસણા કેલીયા, તા.ધોળકા,જી.અમદાવાદ.
ફરીયાદીના વિ.વકીલ શ્રી	:	એ.ડી.પાઠક
આરોપી	:	હાર્દિકકુમાર યોગેશકુમાર પંડયા રહે.બ્રહ્મપુરી ફળીયુ, ગામ ઘડી, સાબરકાંઠા, પ્રાંતીજ, ગુજરાત, – ૩૮૩૨૧૫. હાલ રહે.બંગલા નં.૨૫, મલબાર હિલ સોસાયટી, ડી.પી.દેસાઇ, હાઇસ્કુલ પાસે,ડી–માર્ટની બાજુમાં, નડીયાદ.
આરોપીના વિ.વકીલ શ્રી	:	પી.આર.ચૌહાણ

(નમુનો :– બ)

ગુનાની તારીખ	:	૧૫ / ૦૩ / ૨૦૨૩
ખાનગી ફરીયાદની તારીખ	:	૨૬ / ૦૪ / ૨૦૨૩
ચાર્જશીટની તારીખ	:	–––
ચાર્જફ્રેમ/પ્લી તારીખ	:	૧૦ / ૦૮ / ૨૦૨૩
પુરાવો શરુ થયાની તારીખ	:	/ /
ચુકાદા માટે રાખવાની તારીખ	:	૩૦ / ૦૪ / ૨૦૨૬
ચુકાદાની તારીખ	:	૩૦/૦૪/૨૦૨૬
સજા કરી હોય તો સજા તારીખ	:	

: આરોપીની વિગત :

નં.	આરોપીનુ નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડયા તારીખ	ગુનો	તકસીર વાન/ નિર્દોષ	સજા	Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય
૧	હાર્દિકકુમાર યોગેશકુમાર પંડયા રહે.બ્રહ્મપુરી ફળીયુ, ગામ ઘડી, સાબરકાંઠા, પ્રાંતીજ, ગુજરાત, – ૩૮૩૨૧૫. હાલ રહે.બંગલા નં.૨૫, મલબાર હિલ સોસાયટી, ડી.પી.દેસાઇ ,હાઇસ્કુલ પાસે,ડી–માર્ટની બાજુમાં, નડીયાદ.	–	–	ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ ૧૩૮	તકસીરવાન	આખરી હુકમ મુજબ	–

(નમુનો :–ક)

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

અ. નં.	મૌખિક પુરાવો	આંક
૧.	પટેલ રાકેશભાઇ નટવરભાઇનું સરતપાસનુ સોગંદનામું	૫

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:

(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :

અ. નં.	દસ્તાવેજી પુરાવો	આંક
૧.	તહોમતદારે, ફરીયાદીની લેણી રકમ અંગે આપેલ ચેક નં. ૦૦૦૦૩૬ અસલ.	૧૧

૨.	ચેક નં.૦૦૦૦૩૬ રીટર્ન થયાનો મેમો અસલ.	૧૨
૩.	તહોમતદારને આપેલ રજી.એ.ડી. નોટીસની ઓફિસ કોપી.	૧૩
૪.	નોટીસ રજી.એ.ડી. કર્યાની સ્લીપ અસલ.	૧૪
૫.	નોટીસ બજી ગયા અંગેની ઓનલાઇન નકલ	૧૫
૬.	આઇ.સી.આઇ.સી.આઇ બેંકની સર્ટીફાઇડ ખાતાની ખાતાવાહી ની નકલ	૨૮
૭.	ઈન્કમટેક્ષ રીર્ટનની સને ૨૦૨૧–૨૨ ની રીટર્ન કોપીની નકલ	૨૯
૮.	ઈન્કમટેક્ષ રીર્ટનની સને ૨૦૨૨–૨૩ ની રીટર્ન કોપીની નકલ	૩૦
૯.	ઈન્કમટેક્ષ રીર્ટનની સને ૨૦૨૩–૨૪ ની રીટર્ન કોપીની નકલ	૩૧

–// ચૂ કા દો //–

(૧) આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ સાથે વાંચતા કલમ ૧૪૨ મુજબ ફરીયાદીએ દાખલ કરેલ છે.

(૨) ફરીયાદની કોઈ હકીકત આરોપી તરફે સ્વીકૃત કરવામાં આવેલી નથી.

(૩) ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના **આરોપી અને ફરીયાદી કૌટુંબીક સગા થતા હોચ અને તેઓ વચ્ચે ઘર જેવા સબંધ હોઇ અને તેઓને ઈલેકટ્રીકસની દુકાન કરવા માંગતા હોચ નાણાંની જરૂર પડતા તેઓએ ફરીયાદી પાસે આવેલા અને રૂા.૧૦,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ. જેથી ફરીયાદીએ આ કામના આરોપીને અલગ અલગ તારીખે કુલ રૂા.૨,૭૬,૦૦૦/– ઓનલાઇન ટ્રાન્સફર કરેલા. ત્યારબાદ આ કામના આરોપીએ ફરીયાદીને અલગ અલગ તારીખે રૂા.૩૦,૦૦૦/– ઓનલાઇન પરત કરેલા. ત્યારબાદ ફરીયાદીએ ઉછીના નાણા મેળવી આરોપીને રૂા.૬,૫૪,૦૦૦/– તા.૦૪/૦૩/૨૦૨૨ ના રોજ ફરીયાદીની દુકાને રોકડા આપેલા. આમ ફરીયાદીએ આરોપીને કુલ રૂા.૯,૩૦,૦૦૦/– ધંધો કરવા અર્થે આપેલા** અને નાણાં લઈ ગયા બાદ સમય વિતતા તેઓએ તેઓની પાસે તેઓના કાયદેસરના બાકી નીકળતા લેણા નાણાં રૂા.૯,૩૦,૦૦૦/– ની ઉઘરાણી કરતા આ કામના આરોપીએ તેઓની **બેંક ઓફ બરોડા બેન્ક, સીનહુજ શાખાનો તેઓના ખાતાનો ચેક નં.૦૦૦૦૩૬ રૂા.૯,૦૦,૦૦૦/– પુરાનો તા.૧૫.૦૩.૨૦૨૩ નો ચેક તેઓની રૂબરૂમાં લખીને તેમાં તહોમતદારે સહી કરીને પાકતી તારીખનો આપેલ** અને સદર ચેક આપતા સમચે તેઓએ તેઓને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો કે, "સદરહું ચેક તમો તમારા ખાતામાં

ભરશો તો તમોને તમારા બાકી નીકળતા રૂા.૯,૦૦,૦૦૦/– મળી જશે." તેમ જણાવતા તેઓએ આ કામના આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખીને તેઓએ આપેલ ચેક સ્વીકારેલા. ત્યારબાદ આ કામના આરોપીએ આપેલ <u>**ચેક નં. ૦૦૦૦૩૬ નો ચેક તા. ૧૫.૦૩.૨૦૨૩ ના રોજનો રૂા.૯,૦૦,૦૦૦/– પુરાનો ચેક તેની પાકતી તારીખ ૧૫.૦૩.૨૦૨૩ ના રોજ આરોપીની સુચના મુજબ આરોપીએ આપેલ ચેક તેઓએ તેઓના ભારતીય સ્ટેટ બેંક, કેલીયા વાસણા શાખામાં જમા કરાવતા આરોપીએ આપેલ ચેક તેઓના આશ્ચર્ય અને આઘાતની વચ્ચે "Fund Insufficient" ના શેરા સાથે સ્વીકારાયા સિવાય પરત ફરેલ.**</u> જેની જાણ તેઓને બેન્કે તેઓને તા.૧૬.૦૩.૨૦૨૩ ના રોજ તેઓને લેખીત મેમા સાથે કરેલી. જેથી તેઓએ **આરોપીનો રૂબરૂમાં સંપર્ક કરતા આરોપીએ તેઓને જણાવેલ કે, "અમારી પાસે કોઇ પૈસા જ નથી અને તમારા પૈસા મળી શકે તેમ નથી."** અને આમ કરીને આરોપીએ તેઓની કાયેદસરની લેણી રકમ તેઓને ચુકવી આપેલ નહી અને આમ, કરીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ ગંભીર પ્રકારનો દંડ,વળતર, સજાને પાત્ર ગુનો કરેલ હાલની ફરીયાદ કરવાની જરૂર પડેલ છે. જેથી ફરીયાદીએ આ કામના આરોપીને તેઓના વકીલશ્રી મારફતે <u>**તા.૨૪.૦૩.૨૦૨૩ ના રોજ રજી. પો.એડી થી આપેલી જે નોટીસ આ કામના આરોપીને તા.૨૭.૦૩.૨૦૨૩ ના રોજ બજી ગયેલ**</u> તેમ છતાંય આ કામના આરોપી પાસેથી કાયદેસરની લેણી નીકળતી રકમ રૂા.૯,૦૦,૦૦૦/– તેઓને ચુકવી આપેલ નથી કે તેઓની નોટીસનો કોઈ જવાબ આપેલો નથી અને આમ કરીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ ગંભીર પ્રકારનો દંડ, વળતર, સજાને પાત્ર ગુનો કરેલ હોય ફરીયાદ દાખલ કરેલ છે.

(૪) ફરિયાદીએ ફરિયાદ રજુ કરતા મેજી. શ્રી ધ્વારા ફરિયાદીનું ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૦ અન્વયેની ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ અને આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આંક–૧૦ થી આરોપીનો જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરિયાદીનું કામ, ફરિયાદ પક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૫) દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા ઉપરોકત ''નમુના અ'' મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયા બાદ આરોપીના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદન ઉપર મુકવામાં આવેલ અને આરોપીનું વિશેષ નિવેદન નોંધતા ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના જવાબમાં જણાવેલ છે કે ખોટો ચેક લઇને તેઓની વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે. વધુમાં જણાવેલ કે તેઓને ફરીયાદીએ કોઇ નાણા આપેલ ન હોવા છતાં તેઓના નામનો ચેક અન્ય પાસેથી મેળવી ખોટો કેસ કરેલ છેઈ જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા નમ્ર અરજ ગુજારેલ છે.

(૬) ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા ઉપરોકત ''નમુના ખ'' મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે આંક– ૩૭ થી કલોઝીં ગ પુરસીસ રજુ થયેલ છે જેમાં વિશેષ પુરાવો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે.

(૭). સદર કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૪૪ થી વિગતવારની લેખીત દલીલો રજુ થયેલ છે જે વંચાણે લીધી. તેમજ બચાવપક્ષની મૌખીક દલીલો સાંભળી.

(૮). બંને પક્ષોની દલીલો, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્રાઓ ઉપસ્થિત થાય છે.

<u>–:: મુ દ્રા ઓ ::–</u>

(૧) ફરિયાદીએ સદર એકટની કલમ–૧૩૮ (એ)(બી)(સી) અન્વયે કાયદેસરની પ્રક્રિયા અનુસરેલ છે ?

(૨) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ કાયદેસરના લેણા પેટેની રકમ ચુકવવા પોતાનો એક ચેક, બેંક ઓફ બરોડા,સીનહુજ શાખાનો તા.૧૫–૩–૨૦૨૩ ના રોજનો ચેક નં.૦૦૦૦૩૬ નો રૂા.૯,૦૦,૦૦૦/– અંકે રૂપીયા નવ લાખ પુરાનો ફરીયાદીને આપેલ અને જે ચેક વટાવવા માટે ફરીયાદીએ તેઓના ખાતામાં જમા કરાવતા આરોપીએ આપેલ ચેક તેઓના આશ્ચર્ય અને આઘાતની વચ્ચે અપુરતા ભંડોળ હોવાના કારણે તા.૧૬.૩.૨૦૨૩ ના રોજ પરત ફરેલ, તે અંગે ફરીયાદીએ

પોતાના વિ.વ.શ્રી મારફત સમય મર્યાદામાં આ કામના આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલેલ જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેક મુજબના નાણાં સમય મર્યાદામાં ન ચુકવી ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) ''હકારમાં'',

(૨) ''હકારમાં'',

(૩) આખરી હુકમ મુજબ.

(૧૦). ઉપરોકત મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

<u>– : : કા ર ણો : : –</u>

<u>પુરાવાનુ મુલ્યાંકન તથા ચર્ચા</u>

(૧૦.૧) હાલનો કેસ નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ કલમ–૧૩૮ અન્વયેના ગુન્હા અંગેનો છે. જયારે કાયદાથી આ પ્રકારના કેસો સમરી પ્રોસીઝરથી ચલાવવા જોઈએ તેમ જણાવેલ છે અને જો ન્યાયધીશને એમ લાગે કે સમરી પ્રોસીઝરથી ચલાવવા યોગ્ય નથી તો બંને પક્ષોને સાંભળી ખાસ હુકમ કરીને સમન્સ ટ્રાયલથી ચલાવવાનો નિર્ણય લઈ શકાય. હાલના કેસમાં આંક – ૧ હેઠળ કોઈ હુકમ કરવામાં આવેલ નથી તેથી આ ચુકાદા વખતે લખવું જરૂરી બનેલ છે કે હાલના કેસમાં કેસ સમન્સ ટ્રાયલથી જ ચલાવવામાં આવેલ છે.

(૧૦.૨) આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે ફરીયાદીએ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ (હવે પછી ટુકમા 'સદર એકટ' તરીકે સંબોધવામાં આવશે)ના આવશ્યક તત્વો સૌપ્રથમ સાબિત કરવાના રહે છે. ઉપરોકત રેકર્ડ ઉપર રજુ થયેલ સઘળી હકીકતો અન્વયે નીચે મુજબની કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેતા....

138. <u>Dishonour of cheque for insufficiency, etc., of funds</u>

in the account

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless-

(A) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(B) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, b [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(C) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or as the case may be, to the holder in due course of the cheque within fifteen days of the receipt of the said notice.

<u>Explanation:-For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.</u>

(૧૦.૨) સદર કાયદાની કલમ ૧૩૮ અન્વયેના ગુનાના મુખ્ય તત્વોનો હાર્દ જોઈએ તો,

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચૂકવવા ફરિયાદી ને ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજૂ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ફંડના કારણે પરત થયેલ

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ૧૫ દિવસ ની સમયમર્યાદામાં ચૂકવી આપેલા નથી.

(૧૧) **<u>મુદા નંબર ૧</u>**

મુદા નંબર ૧ ની હકીકત હાલની ફરીયાદ અન્વયે જોતા સંતોષાય છે કે કેમ ? તે અન્વયે જોતા સદર ફરીયાદ અન્વયેનો તકરારી ચેક આંક–૧૧ વાળો ચેક **તા.૧૫/૦૩/૨૦૨૩** ના રોજ નો હોય અને તે બેંકમા **તા.૧૫/૦૩/૨૦૨૩** ના રોજ જમા કરાવેલ હોય જે તા.૧૬/૦૩/૨૦૨૩ ના રોજ રીર્ટન થયેલ જે સમયગાળો જોતા ચેકની વેલીડીટીની અંદરના સમયમાં બેંકમા જમા કરાવેલ છે. જેથી ફરીયાદી એ સદર એકટની કલમ **૧૩૮–એ ની આદેશાત્મક જોગવાઈ નુ પાલન કરેલ છે.**

(૧૧.૧) **સદર** ચેક "**ફંડ ઈનસફીસીયન્ટ**"ના શેરા સાથે **તારીખ ૧૬/૦૩/ ૨૦૨૩ ના** રોજ પરત આવેલ. આમ, ચેક પરત ફર્યા બાદ **૩૦** દિવસમાં સદર કાયદા અન્વયે

નોટીશ આપવી જોઈએ જે નોટીશ આંક–૧૩ થી રજુ છે તે ફરીયાદપક્ષ એ **તારીખ ૨૪/૦૩/૨૦૨૩** ના રોજ આપેલ છે જે સમય ગાળો ૧૫/૦૩/૨૦૨૩ થી તારીખ ૧૪/૦૪/૨૦૨૩ નો હોય જે ૩૦ દિવસની અંદરનો સમય ગાળો હોય જેથી ફરીયાદ પક્ષે સદર એકટની કલમ **૧૩૮–બી ની આદેશાત્મક જોગવાઈ નું પાલન કરેલ છે.**

(૧૧.૨) **ત્યારબાદ** નોટીશ બજી ગયાના **૧૫** દિવસમાં જો આરોપી/સામાવાળા કહેવાતી ચેકની રકમ ન ચુકવે તો ફરીયાદી **૧૫** દિવસ બાદ ફરીયાદ કરવા માટે હકકદાર બને છે. જે અન્વયે રેકર્ડ ઉપરની હકીકત જોતાં આરોપીને ફરીયાદીએ રજીસ્ટર્ડ પોસ્ટ એડી. મારફત આંક–૧૪ થી રજુ વીન્ડો સ્લીપ મુજબ પોસ્ટ કરેલ છે જે આંક–૧૫ ના પોસ્ટ ખાતાના ટ્રેક કન્સાઈન્ટમેન્ટ રીપોર્ટમા તારીખ ૨૭/૦૩/૨૦૨૩ ના રોજ**''આઈટમ ડીલીવર્ડ''** થઈ ગયેલ હોવાનું જણાય છે. ત્યારબાદના ૧૫ દિવસમાં આરોપીએ આંક–૧૧ વાળા તકરારી ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ ન હોય જે સમયગાળો તા.૨૭/૦૩/૨૦૨૩ ની તારીખ પછીથી ૧૫ દિવસ ની ગણતરી કરતા ૧૫/૦૪/૨૦૨૩ ના રોજ સમાપ્ત થાય. આમ તા.૨૭/૦૩/૨૦૨૩ થી ફરીયાદ દાખલ તારીખ **તા.૨૬/૦૪/૨૦૨૩** જોતા ફરીયાદીને ફરીયાદ દાખલ કરવાનુ કારણ **૧૪/૦૫/૨૦૨૩** ઉભુ રહે છે. આમ, ફરીયાદી તે તે સમયની અંદર એટલે કે **તા.૨૬/૦૪/૨૦૨૩** ના રોજ ફરીયાદ દાખલ કરેલ હોય જેથી સમય મર્યાદામા દાખલ કરેલ છે અને સદર એકટની કલમ **૧૩૮–સી ની આદેશાત્મક જોગવાઈ નુ પાલન કરેલ છે.**

(૧૧.૩) આમ મુદા નંબર ૧ અન્વયે ફરીયાદીએ સદર એકટની કલમ–૧૩૮ ના (એ)(બી) અને (સી) ની જોગવાઈ નું પાલન કરેલ હોવાનુ રેકર્ડ ઉપરથી સાબીત થતું હોય. મુદ્દા નંબર–૧ નો જવાબ હકાર માં ઠરાવવામા આવે છે.

(૧૨) મુદા નંબર–૨

(૧૨.૧) ફોજદારી ગુન્હાની કાર્યવાહીના ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી ઉપર આક્ષેપાયેલ ગુન્હો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને નિં:શંકપણે પુરવાર કરવાનું રહે છે. પરંતુ જો તે ફોજદારી કાર્યવાહી નેગોશીએબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુન્હા હેઠળની હોય તો સદર એકટની કલમ–૧૧૮(એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરૂધ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વિરૂધ્ધની હકીકત સાબિત ના થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના **કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે.** આમ બચાવ પક્ષે **"પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી "** થી બચાવ સાબીત કરવાનો રહે છે. પરંતુ બંને જોગવાઈમાં ''વિરૂધ્ધનુ સાબિત ના થાય તો'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે આ બંન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો હોવા જોઈએ અને તે અનુમાનનુ ખંડન સચોટ પુરાવાથી કરવાનુ રહે છે અને આવુ અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. તે અન્વયે આરોપી પક્ષે કોઈ પુરાવો રજુ કરી ને સાબીત કરવાની જરુર રહેતી નથી ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવા ઉપરથી પણ વિરૂધ્ધનુ અનુમાન સાબીત કરી શકે છે. જે અન્વયે સૌ પ્રથમ સદર એકટની કલમ ૧૧૮(એ) તથા ૧૩૯ તથા ૧૪૭ ની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં **,**

118. Presumptions as to negotiable instruments

Until the contrary is proved, the following presumptions shall be made :-

(a) of consideration.-that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date.-that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance.-that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer.-that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of indorsements.-that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamp.-that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is holder in due course.-that the holder of a negotiable instrument is a holder in due course :

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

(૧૨.૨) આમ, ઉપરોકત સદર કાયદાની કલમ–૧૧૮ માં કરવામાં આવેલ અનુમાનના તત્વો ધ્યાને લીધા બાદ **આંક–૧૧ વાળા તકરારી** ચેક અન્વયે સદર કાયદાની કલમ–૧૩૯ ના તત્વો વંચાણે લેવા જરૂરી હોય જે વંચાણે લેતા...

<u>139. Presumption in favour of holder</u>

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

<u>Section 146. Bank's slip prima facie evidence of certain facts:-</u> The Court shall, in respect of every proceeding under this Chapter, on production of bank's slip or memo having thereon the official mark denoting that the cheque has been dishonoured, presume the fact of dishonour of such cheque, unless and until such fact is disproved.]

(૧૨.૩) આમ ઉપરકોત જણાવેલ જોગવાઈ જોવામાં આવે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ:-૧૧૮ (એ) ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરૂધ્ધનું સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ:- ૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ:-૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે પરંતુ બંને જોગવાઈમાં'' વિરૂધ્ધનું સાબિત ના થાય તો'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે, આ બંન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે.

(૧૨.૪) આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધા બાદ રેકર્ડ ઉપર રજુ થયેલ ઉભયપક્ષોની રજુઆત ધ્યાને લેતા રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાને ધ્યાને લઈ, સવાલ એ રહે છે કે, શું ફરીયાદ પક્ષ તેમનો કેસ સદર કાયદાની કલમ-૧૧૮(એ) તથા ૧૩૯ નુ કાનૂની અનુમાન ફરીયાદીની તરફેણમાં થાય છે કે ?, આરોપીપક્ષ અનુમાનોનુ ખંડન કરવામા સફળ થાય છે ? તે અંગે પુરવાની ચર્ચા કરતા ફરીયાદીનો પુરાવો જોતા ફરીયાદી તેમની ફરિયાદવાળી હકીકતને સોગંદ પર વળગી રહે છે.આરોપીએ ચેકમાં સહી બાબતે તકરાર લેવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષે આંક-૫ થી ફરીયાદી

રાકેશભાઈ નટવરભાઈનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે જેમાં ફરીયાદની હકીકતો નું પુનરાવર્તન કરેલુ છે. જેની વિગતવારની ઉલટતપાસમાં આ કામના ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, "સદર ફરીયાદના કામે તેઓએ જે વેપાર કરે છે તે બાબતનો તથા ખેતી બાબતનો કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી. તેઓ આરોપી વેપાર ધંધો કરતા હતા તે પુરાવો રજુ કરવા ખુશી છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓની ફરીયાદમા આરોપીએ કઈ તારીખે તેઓની પાસે રૂપીયા દસ લાખ માગેલા તે તારીખ જણાવેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આરોપીને રૂા. ૨,૭૬,૦૦૦/– કઈ તારીખે આપેલા તેનો કોઈ ઉલ્લેખ ફરીયાદમાં કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે રૂા. ૨,૭૬,૦૦૦/– આરોપીને આપેલા તે બાબતનો પુરાવો પણ તેઓએ રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પુરાવો રજુ કરવા તૈયાર છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ આરોપીને બીજા જે નાણા આપેલા તે ૩/૪/૨૨ ના રોજ રોકડા આપેલા. હવે જણવે છે કે આ ૩/૪/૨૨ નહી પણ ૪/૩/૨૨ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ નાણા તેઓના પોતાના જ હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ રૂા.૨,૭૬,૦૦૦/– સગાવહાલા પાસેથી લાવેલ હોય તેવુ જણાવેલ હોય તો તે ખોટુ છે. તેઓએ ફરીયાદમા જણાવેલ છે તે મુજબ રૂા.૨,૭૬,૦૦૦/– કુલ છ ટ્રાન્સફરથી આરોપીને ઓનલાઈન ટ્રાન્સફર કરેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓની ફરીયાદ, નોટીસ અને સરતપાસમાં આ છ વ્યવહારોની તારીખ દર્શાવેલ નથી. એવુ તેમને લાગેલ નહી કે પ્રથમ વ્યવહારના નાણા બાકી હોય તે ચુકવાય નહી ત્યાં સુધી બીજો વ્યવહાર કરવો હીતાવહ નથી. સવાલ–રૂા. ૨,૭૬,૦૦૦/– ના અલગ અલગ છ વ્યવહારો તમે કરેલા તે કેટલી કેટલી રકમના કરેલા તે સ્પષ્ટ કરેલ તે જણાવો ? તેના જવાબમાં જણાવેલ કે આ અલગ અલગ તારીખનો ચોકકસ તારીખનો વ્યવહાર હાલ તેમને યાદ નથી. તમોએ તમારી ફરીયાદમાં રૂા. ૬,૫૪,૦૦૦/– રુપીયા કયારે કોની હાજરીમાં અને કયાં આપેલા તેના જવાબમાં જણાવેલ કે તા. ૪/૩/૨૨ ના રોજ તેઓની દુકાને આપેલા તે જણાવેલ છે કોની હાજરીમાં આપેલ છે યાદ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ ફરીયાદમાં દુકાનનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. માસીક ધંધો કરી રુપીયા એક લાખ મેળવે છે. તેઓ વાર્ષીક ખેતીમાંથી ૩ થી ૪ લાખ મેળવે છે. એ વાતનો ઈન્કાર કરેલ

છે કે તેઓની સમગ્ર આવકમાંથી પચાસ થી સાઈઠ ટકા ખર્ચમાં જાય છે. તેઓ ઈન્કમટેક્ષ રીટર્ન ભરે છે. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓએરૂા.૯,૩૦,૦૦૦/- નો વ્યવહાર તેઓની બચતમાંથી કરેલ હતો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ તેઓની ફરીયાદ, સરતપાસ કે નોટીસમાં તેઓએ સગાવ્હાલા મીત્રોના નામ જણાવેલ નથી અને કયા સગા વ્હાલા મીત્ર એ કેટલી રકમ આપેલી તે પણ જણાવેલ નથી. તેઓ આ સગાવહાલા પાસેથી લીધેલ નાણાનો પુરાવો રજુ કરી શકે. આ સગાવહાલા મીત્રોએ કેટલી રકમ આપેલી તે રજુ કરી શકે. તેઓ સગાવહાલાના નામ જણાવી શકે તેમજ કોની પાસેથી કેટલી રકમ લાવેલ તે જણાવી શકે. આ નાણા અને નાણા તેમને આપનાર સગાવહાલા મીત્રનુ નામ અત્યારે લખાવી શકે નહી પણ તેઓની પાસે યાદી પડેલી છે. એ વાતની તેમને ખબર નથી કે આરોપીએ તેઓના સગાવહાલા સાથે પણ નાણાકીય વ્યવહારો કરેલા હતા. આ જે વ્યવહારો થયેલા છે તે ૨૦૨૧ થી ૨૦૨૨ ના સમયગાળાનો છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ આ કામના આરોપી સાથે વ્યવહાર કર્યા ત્યારથી ફરીયાદ દાખલ કર્યા સુધી કયારેય તેઓએ આરોપીને આપેલ નાણાની માંગણી કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ આરોપી પાસેથી નાણાની માગણી કર્યાનો ઉલ્લેખ ફરીયાદ, સરતપાસ કે નોટીસમાં કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓની સરતપાસ, ફરીયાદ કે નોટીસમાં આરોપીએ કઈ જગ્યાએ કઈ તારીખે ચેક આપેલો.... તેની હકીકત જણાવેલ નથી. આરોપીએ તમોને આપેલો ચેક તમે સૌપ્રથમ કયારે જોયેલો તેના જવાબમા જણાવેલ છે કે આરોપીએ આપેલો ત્યારે જોયેલો જેની તારીખ ૪/૩/૨૨ ના રોજ જોયેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેમને આરોપીએ જે ચેક ૪/૩/૨૨ ના રોજ નો આપેલો જેના નાણા પરત કરવાનો સમય કે તારીખનો ઉલ્લેખ તેઓની ફરીયાદ, સરતપાસ કે નોટીસમાં કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આરોપીએ તેમને કહેવાતો ચેક તા.૪/૩/૨૨ ના રોજ આપેલો નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે મૌલેશભાઈ વાસુદેવભાઈ તથા કલ્પેશભાઈ વાસુદેવભાઈ તેઓના સગા થાય છે. તેઓ હાર્દીકભાઈ ઉપર મૌલેશભાઈએ ચેક રીટર્નનો કેસ કરેલ છે તે તેઓ જાણે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ ફરીયાદવાળો ચેક આંક-૧૧ વાળો તેમને મૌલેશ વાસુદેવભાઈનાઓએ આપેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાર્દીકભાઈએ

તેમને જાતે આપેલો. સવાલ: રૂ. ૨,૭૬,૦૦૦/– કઈ સાલમાં અને કેટલા કેટલા આપેલા તેનો ઉલ્લેખ તમારી સરતપાસમાં, નોટીસમાં કે ફરીયાદ માં નથી? જવાબ: ઓનલાઈન આપેલા છે તેવુ લખેલ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ ઓનલાઈન જે આપેલા તે કઈ તારીખે આપેલા તેનો પણ કોઈ ઉલ્લેખ તેઓની ફરીયાદ, સરતપાસ કે નોટીસમાં કરેલ નથી. એ વાતનો સ્વિકાર છે કે મેં અગાઉ મારી ઉલટતપાસમાં જણાવી ગયેલ તે મુજબ તેઓના સગા વ્હાલા મીત્રો પાસેથી જે રકમ લીધેલી તે તેઓ નામ. કોર્ટમાં પુરાવો રજુ કરી શકે તેવો પુરાવો તેઓએ રજુ કરેલો નથી. સવાલ: તમે તમારા મિત્ર પાસેથી ક્યારે અને કઈ તારીખે અને કેટલા રૂપિયા લાવેલા તે જણાવો. જવાબ: એક મારા પરમ મિત્ર છે રાજેન્દ્રભાઈ ગોવિંદભાઈ પટેલ, જેની પાસેથી રૂ. ૨,૫૦,૦૦૦/– લાવેલો. જે રકમ તા.૦૧/૦૩/૨૦૨૨ ના રોજ લાવેલ. બીજા મારા સાઢુભાઈ રાજેશકુમાર વ્યાસ પાસેથી પણ રૂ.૨,૫૦,૦૦૦/– લાવેલો અને બાકીના પૈસા તેઓએ આપેલા.એ વાતનો ઈન્કાર કરેલ છે કે રૂ.૬,૫૪,૦૦૦/– પાછળથી આપ્યા તે તમામ રકમ તમારા મિત્રો પાસેથી લીધેલો. સાહેદ જણાવે છે કે ઉપરોકત રૂ.૫,૦૦,૦૦૦/– સીવાયની રકમની વ્યવસ્થા તેઓની પાસે હતી. રાજેન્દ્રભાઈને અને રાજેશકુમારને નામ.કોર્ટમાં જુબાની આપવા માટે તેઓ સ્ટેટમેન્ટ સાથે બોલાવી શકે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે રાજેન્દ્ર ભાઈ પાસેથી અને રાજેશભાઈ પાસેથી તેઓએં જે પૈસા લીધેલા તે બાબતનું લખાણ તેઓએ કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે રૂ.૧૦,૦૦૦/– થી ઉપરની રકમની કોઈ લેવડ–દેવડ કરવી હોય તો બેન્ક મારફત કરીએ તો ચેકથી કરવી પડે અને રોકડ કરીએ તો તે બાબતનું લખાણ કરાવવુ પડે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બન્ને પાસેથી અઢી–અઢી લાખ રૂપિયા લીધા ત્યારથી આજદીન સુધી બન્ને સાથે કોઈ લખાણ કરાવેલ નથી. તેમને માર્ક–૨૭/૧ થી ૨૭/૪ વાળા દસ્તાવેજ બતાવી પુછવામાં આવે છે કે જે છ વ્યવહાર આરોપી સાથે કરેલા તે કઈ તારીખે કરેલા, તે પુછતા જણાવેલ કે તા.૧૩/૦૭/૨૦૨૧ ના રોજ રૂ.૬,૦૦૦/– આરોપીને આપેલા, તા.૦૪/૦૮/૨૦૨૧ ના રોજ રૂ.૬૦,૦૦૦/– આપેલા, તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ રૂ. ૯૬,૦૦૦/– આપેલા,તા. ૨૯/૧૧/૨૦૨૧ ના રોજ રૂ. ૫૦,૦૦૦/– આપેલા, તા. ૩૦/૦૩/ ૨૦૨૨ ના રોજ રૂ.૬૦,૦૦૦/– આપેલા. તેમજ તા. ૦૪/૦૮/૨૦૨૧ ના રોજ

રૂ. ૪,૦૦૦/− આપેલા. આ સિવાય તેઓએ આરોપી સાથે કોઈ વ્યવહાર કરેલ હોય તો તે લાંબો સમય થયેલ હોય, યાદ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ઉપરોકત જે વ્યવહારો થયેલા છે ત્યારબાદ રૂ. ૬,૫૪,૦૦૦/− નો વ્યહાવર થયેલો છે તે બાદ આરોપી સાથે કોઈ નાણાકીય વ્યવહાર કરેલ નથી. તેઓએ આરોપી સાથે રૂ.૬,૫૪,૦૦૦/− નો વ્યવહાર તા. ૦૪/૦૩/૨૦૨૨ ના રોજ કરેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તા. ૦૪/૦૩/૨૦૨૨ બાદ કોઈ આરોપી સાથે કોઈ નાણાકીય વ્યવહાર થયેલ હોય તો તે ખોટો વ્યવહાર છે. હવે સાહેદ જણાવે છે કે એકાદ વ્યવહાર હશે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આરોપી સાથે રૂ.૬,૫૪,૦૦૦/− નો વ્યવહાર થયેલ તે બાદ કોઈ વ્યવહાર આરોપી સાથે થયેલ હોય તે બાબતો ઉલ્લેખ તેઓની ફરીયાદ, સરતપાસ કે નોટીસ માં નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ખેતીમાંથી જે કંઈ આવક થાય તેને આઈ.ટી. રીટર્ન માં દર્શાવવાની હોતી નથી.સવાલ: આંક−૨૯, ૩૦ અને આંક−૩૧ વાળા આઈ.ટી. રીટર્ન બતાવીને પુછવામા આવે છે કે તમે આરોપી સાથે જે વ્યવહારો કરેલા છે તે આઈ.ટી.રીટર્નમાં દર્શાવેલ નથી તે બાબતે શું કહેવુ છે? જવાબ: તે બાબતે સી.એ.ના રીપોર્ટમાં બતાવેલ ડોકયુમેન્ટ પુરાવા સાથે રજુ રાખીશ. એ વાતનો સ્વિકાર કરેલ કે રૂ. ૬,૫૪,૦૦૦/− તેઓની પાસેથી લઈ ગયેલા તે બાબતનું પણ કોઈ લખાણ કરાવેલ નહિં કે વાઉચર કરાવેલ નહિં કે પ્રોમીસરી નોટ લીધેલ નહિં. સાહેદ જણાવે છે કે તેઓની દિકરી થતી હોય જેથી લખાણલીધેલ નથી. સવાલ: તમે આરોપીને રૂ.૯,૩૦,૦૦૦/− ધંધો કરવા માટે આપેલા તે બાબતેનો કોઈ દસ્તાવેજી પુરાવો સદર ફરીયાદ ના કામે રજુ કરેલ નથી ? જવાબ: તે બાબતના દસ્તાવેજી પુરાવા તેઓની પાસે નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓની પાસે આ કામના આરોપી તા.૦૪/૦૩/૨૦૨૨ ના રોજ આવેલા, તેઓની પાસેથી રોકડા પૈસા લઈ ગયેલા અને તે દિવસે સીકયુરીટી પેટે ચેક તેમને આપેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આરોપીએ આ સીવાય તેમને બીજો કોઈ ચેક આપેલો નહિં. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમને તા.૦૪/૦૩/૨૦૨૨ ના રોજ પૈસા લઈ ગયેલા તે દિવસે જ તમામ વિગતો ભરીને તેમને સીકયોરીટી પેટેનો ચેક આપેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે દિવસે તેમને ચેક આપેલો તે કોરો ચેક આપેલો. સાહેદ જણાવે છે કે સહી કરેલો ચેક આપેલો. તેઓને જે

તા.૦૪/૦૩/૨૦૨૨ ના રોજ ચેક આપેલો તેમાં કોઈ રકમનો ઉલ્લેખ કરેલો નહિં. સાહેદ જણાવે છે કે તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજ આ ચેકમાં જાતે રકમ લખી આપેલો.એ વાતનો સ્વિકાર કરેલ કે કોઈપણ ચેક આપવામાં આવે તો તેની મર્યાદા છ મહિના સુધીની જ હોય છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તા. ૧૫/૦૩/૨૦૨૩ ના રોજ તેમને કયો ચેક અને કયારે અને કોની હાજરીમાં આપેલો તેનો કોઈ ઉલ્લેખ તેઓની ફરીયાદ, સરતપાસ કે નોટીસમાં કરેલ નથી.એ વાતનો ઈન્કાર કરેલ છે કે તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજ આરોપી હાર્દીકભાઈ તેમને મળેલા જ નથી અને તેઓએ જાતે જ ચેકમાં રકમ ભરી નાખેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તા.૦૪/૦૩/૨૦૨૨ ના રોજ જે ચેક આપેલો તે ચેકમાં તા.૧૫/૦૩/૨૦૨૩ ની તારીખ તથા રકમ તેઓએ તેમની જાતે ભરી બેન્કમાં ભરેલો. એ વાત ખરી છે કે તા.૦૪/૦૩/૨૦૨૨ થી તા.૧૫/૦૩/૨૦૨૩ એક વર્ષનો સમયગાળો કહેવાય. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમને આ ચેક બેન્કમાં જમા કરાવેલના ૧૫ દિવસ પહેલા કોઈ ચેક આપેલો જ નથી અને તેઓ આ હકીકત ખોટી જણાવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આરોપી પાસે તેઓને કોઈ લેણી રકમ નીકળતી નથી પરંતુ તેમને સીકયુરીટી પેટે જે ચેક આપેલો તેમાં ખોટી રકમ ભરી ખોટો કેસ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમને તા.૦૪/૦૩/૨૦૨૨ ના રોજ જે ચેક આપેલો તે તા.૧૫/૦૩/૨૦૨૩ સુધી તેઓની પાસે જ રહેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓની ફરીયાદમાં આ કામના આરોપીને નોટીસની પ્રોપર બજવણી થઈ હોય અને એનકલોઝમેન્ટ રજુ થયેલ હોય તેવું બનેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ટ્રેક રીપોર્ટ રજુ કરેલ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આંક–૧૫ વાળા ટ્રેક રીપોર્ટમાં આરોપીનું કયાંય નામ લખેલુ હોય તેવું જણાઈ આવતું નથી. સવાલ: આરોપીને તમે આપેલ નોટીસની બજવણી થઈ છે કે કેમ તે તમે ચોકકસ કહી શકો નહિં ? જવાબ:એ હું કહી શકુ નહિં. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ કામના આરોપીના કુટુંબી તેઓના સગા સંબંધી થતા હોય, તેઓની સાથે કોઈ લેવડ દેવડ થયેલ ન હોવા છતાં તેઓનો સીકયુરીટી પેટે આપેલ ચેક તેઓએ ભરીને ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

(૧૨.૫) વધુમાં આરોપી પક્ષે દલીલમા જણાવેલ કે નેગો.એકટની કલમ ૨૦ ઘ્યાને

લેતા ચેક ભરી શકાય છે. પરંતુ જુબાની સમયે વિગતવાર માહીતી આપવી પડે. આમ ચેક ફરીયાદી એ ભરેલ છે તે કહેવુ પડે જેથી કલમ ૨૦ નો લાભ ફરીયાદીને મળે. વધુમા આંક **૧૧** વાળા ચેકમા જો અલગ અલગ અક્ષર હોય તો ભારતીય પુરાવા અધિનીયમનની કલમ–૭૩ મુજબ જયારે કોર્ટ ને ખબર પડી જ જાય તો એફ.એસ.એલમાં જવાની જરૂર નથી. માટે આ તબકકે ૨૦૦૨(૦) એ.જે.જે.ઈ.એલ.એસ.સી.ના પેરા ૮ માં કરેલ અવલોકન ધ્યાને લેતાં "...The Third cicumtances......complainan tought to fail.". આમ સદર ચુકાદા મુજબ જોતાં ફરીયાદીએ ચેક જાતે ભરેલ કે કેમ ? આરોપીના ધ્યાન બીજી વખત ચેક જમા કરેલાની ધ્યાનમાં નથી. આરોપીને ડીમાન્ડ નોટીશ મળેલ નથી તે હકીકતનો ફરીયાદીએ સ્વીકાર કરેલ છે. આમ ડીમાન્ડ નોટીશ મળેલ હોય તો આરોપીએ જવાબ આપેલ હોય, આમ સદર સદર અન્વયે મુદા નંબર ૧ મા વિગવાર ચર્ચા કરેલ હોય જેથી પુનરાવર્તન ટાળવા ચર્ચા કરવામા આવતી નથી. ચેકની કસ્ટડી ૨૦૨૩ મા આવેલ છે. આમ ફરીયાદમાં એવુ કહેલ નથી કે ૨૦૨૩ મા કોઈ પોસ્ટ ડેટેડ ચેક આપેલ પણ ચેકની તારીખ જોતા ૨૦૨૩ ની તારીખ જણાવેલ છે. ફરીયાદમા ઉછીના પૈસા આપેલાની હકીકત છે સદર દલીલ અન્વયે આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટના **Bir Singh vs Mukesh Kumar on 6 February, 2019 (2019 SCC online SC 138), ના ચુકાદામા કરવામા અવલોકન કરેલ છે કે ...**

"37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. ***If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque***. ***The onus would still be***

<u>on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.</u>-"

(૧૨. ૬) આમ નામદાર સુપ્રિમકોર્ટના ઉપરોકત બીરસીંગ (સુપરા) ના ચુકાદમાં સ્થિાપીત કરેલ છે કે જો સહી કરેલ કોરા ચેક સ્વૈચ્છિક રીતે ડ્રોવર ધ્વારા આપવામાં આવે તો ડ્રોઈ તેમા વિગત ભરી શકે છે. આમ સદર ચુકાદામા કરેલ અવલોકન મુજબ એ હકીકત ગૌણ બની જાય છે કે ચેક ફરીયાદીએ ભરેલ કે અન્ય કોઈ વ્યકિતએ બેંકમા જમા કરેલ. આમ ચેક કાયદેસરની જવાબદારી પેટે આપેલ નથી તે સાબીત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(૧૩)<u>ઉપરોકત રજુ થયેલ પુરાવાને નજર સમક્ષ રાખી બન્ને પક્ષે રજુ થયેલ તકરારો/ લેખીત દલીલો/મોખીક રજુઆતોની ચર્ચા:–</u>

(૧૪) બચાવ પક્ષે નીચે મુજબના બચાવ લીધેલ તેની વિગતવાર ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

(૧૪.૧) <u>બચાવ પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરી ફરીયાદીએ મહત્વની હકીકતો તેમની નોટીસ, ફરીયાદ કે સરતપાસમા જણાવેલ નથી તે રીતની તકરાર લેવામા આવેલ છે. જે અંગે ચર્ચા કરતા પહેલા બચાવપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે તે જોવામા આવે તો :–</u>

એ વાતનો ફરીયાદીએ સ્વીકાર કરેલ છે કે હું જે વેપાર કરુ છુ તે બાબતનો તથા ખેતી બાબતનો કોઈ આધાર પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નથી તથા આરોપીએ મારી પાસે કયારે નાણા માંગેલા તેનો ઉલ્લેખ મારી ફરીયાદ, સ.ત. કે આરોપીને આપેલ નોટીસમા કરેલ નથી તથા મે આરોપીને નાણા રોકડા આપેલા તે કઈ તારીખે આપેલા તેનો ઉલ્લેખ મારી ફરીયાદ, સ.ત. કે આરોપીને આપેલ નોટીસમા કરેલ નથી. ત્યારબાદ તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે આરોપીએ મારી ફરીયાદ, નોટીસ અને સરતપાસમાં આ છ વ્યવહારોની તારીખ દર્શાવેલ નથી.

(૧૪.૨) આ કામે બચાવપક્ષ ધ્વારા ઉપરોકત તમામ પ્રશ્નો પુછીને ફરીયાદીએ તેમની ફરીયાદ,નોટીસ કે સરતપાસમા કઈ હકીકત જણાવેલ નથી તે રેકર્ડ પર લાવવાની કોશીષ કરેલ છે પણ આરોપી પક્ષે લીધેલ સદર બચાવ અન્વયે સમાન્ય /ફોરમલ સ્વરુપ ના હોવાનુ જણાય છે કારણકે ઉપરોકત લીધેલ બચાવ તેઓને કઈ રીતે મદદ રુપ થતા હોય તે હકીકત લાવી સ્પષ્ટતા કરેલ નથી. વધુમા આરોપી પક્ષે બચાવ લીધેલ કે સીકયુરીટી પેટે આપેલ ચેકનો નો દુરપયોગ કરેલ છે પરંતુ ફરીયાદ પક્ષે રજુ થયેલ દ.પુ. અને સબંધીત બેંકીંગ ડોકયુમેન્ટ જોતા બાકી લેણાની રકમ ની હકીકત આરોપી પાસેથી લેવાની જણાય આવતી હોય વધુમા સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ, માત્ર સિક્યુરિટી ચેકની દલીલ આરોપીને જવાબદારીમાંથી મુક્ત કરતી નથી જો કહેવાતી રકમ બાકી લહેણી નીકળતી હોય વધુમા વધુંમા ચેકમા આરોપીની સહી નથી તેવી કોઈ તકરાર રેકર્ડ ઉપર રજુ થતી નથી વધુમા ચેકમા આરોપીની સહી છે અને તે અન્વયે આંક ૧૨ વાળો રીટર્ન મેમો જોતા ચેક ઈનસફીસીયન્ટ ફંડ ને કારણે પરત ફરેલ છે અમ NI Act ની કલમ ૧૧૮ અને ૧૩૯ હેઠળ જ્યારે સહીનો સ્વીકાર થાય, ત્યારે કોર્ટે માની લેવું પડે છે કે ચેક કાયદેસરના દેવાની વસૂલાત માટે જ હતો. આરોપી આ ધારણાને ખંડિત (Rebut) કરવા માટે કોઈ પુરાવો આપી શક્યા નથી. વધુમા આરોપી પક્ષે ચેકની સમયમર્યાદા અન્વયે તકરાર લીધેલ કે **'' આ જે વ્યવહાર થયેલો છે તે ૨૦૨૧ થી ૨૦૨૨ ના સમયગાળાનો છે ....'' એ વાત ખરી છે કે મને આરોપીએ જે ચેક ૪/૩/૨૨ ના રોજ આપેલો જેના નાણા પરત કરવાનો સમય કે તારીખો ઉલ્લેખ મારી ફરીયાદ ,સરતપાસ, કે નોટીશમા કરેલ નથી.**'' ઉપરોકત બચાવ અન્વયે મુદા નંબર ૧ મા કરેલ ચર્ચા જોતા જયારે ફરીયાદ દાખલ થયેલ તે સદર એકટની કલમ ૧૩૮-એ,બી,સી અન્વયે ના સમય ગાળાના માપદંડ જયારે સંતોષાત હોય અને_૧૩૮ ના કેસમાં લિમિટેશન ચેક ડિશૉનર અને નોટિસની તારીખથી ગણાય છે, નહીં કે ચેક ફરીયાદીને કયારે આપવાનો આવેલ હોય તે તારીખથી. જ્યારે ચેક ડિશૉનર થાય અને નોટિસ પછી નાણાં ન ચૂકવાય. ફરિયાદીએ નોટિસ બજ્યાના ૩૦

દિવસમાં કેસ દાખલ કર્યો છે, આથી લિમિટેશનની દલીલ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી .વધુમા ફરીયાદીએ આરોપી પક્ષે ઉલટ તપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ વાર્ષીક ખેતીમાથી ૩ થી ૪ લાખ મેળવે છે. ઇન્કમટેક્ષ રીટર્ન ભરે છે જે ફરીયાદીએ આંક ૨૯ -૩૦-૩૧ રજુ કરેલ છે.વધુમા આરોપી પક્ષે ફરીયાદીને સદર ફરીયાદ અન્વયેની રકમ નો સ્ત્રોત્ર વિષે પશ્ન પુછેલ જેમા ફરીયાદીએ સગાવ્હાલા પાસેથી રકમ લાવેલ જેમા તેઓએ રાજેન્દ્દભાઈ ગોવિંદભાઈ પટેલ પાસેથી ૨,૫૦,૦૦૦/- અને તેમના સાઢુભાઈ રાજેશકુમાર વ્યાસ પાસેથી પણ ૨,૫૦,૦૦૦/- લાવેલા અને બાકીના પૈસા તેઓએ આપેલ આમ સદર રકમ અન્વયેનો ફરીયાદીએ જે સ્તોત્ર જણાવેલ તે અન્વયે ફરીયાદીએ આંક ૩૩ થી રાજેન્દ્દ ભાઈ ગોવિંદભાઈ ની જુબાની કોર્ટ મા રજુ કરેલ અને જેમા તેઓએ ૨,૫૦,૦૦૦/- ફરીયાદીને તારીખ ૧/૩/૨૨ રોકડા આપેલાની હકીકત જણાવેલ છે અને તે અન્વયે આરોપી પક્ષે ઉલટ તપાસ કરેલ તેઓઅ એ હકીકત ને વળગી રહે છે કે તેઓએ ફરીયાદીને સદર રકમ આપેલ છે. અને સદર રકમ તેઓએ કરેલ બચત નુ કારણ પણ જણાવેલ છે.

ત્યારબાદ આંક ૩૪ થી ફરીયાદીએ સાહેદ વ્યાસ રાજેશ્વરભાઈ શનાલાલ ની સોગંદઉપર જુબાની રજુ કરેલ તેમા તેઓએ ૨,૫૦,૦૦૦/- ફરીયાદીને તારીખ ૧/૩/૨૨ રોકડા આપેલાની હકીકત જણાવેલ છે અને તે અન્વયે આરોપી પક્ષે ઉલટ તપાસ કરેલ તેઓઅ એ હકીકત ને વળગી રહે છે કે તેઓએ ફરીયાદીને સદર રકમ આપેલ છે અને સદર રકમ તેઓએ કરેલ બચત નુ કારણ પણ જણાવેલ છે.

આમ ઉપરોકત સાહેદોની જુબાની અન્વયે ફરીયાદીને તે અન્વયે હકીકત ના પ્ર શનો ઉલટ તપાસમા આરોપીપક્ષે પુછેલ છે. અને ફરીયાદીએ ઉલટ તપાસમા એ હકીકત પણ સ્વીકાર કરેલ છે કે આરોપી સાથે રુ. ૬,૫૪,૦૦૦/- નો વ્યવહાર તારીખ ૪/૩/૨૨ ના રોજ કરેલો વધુમા આરોપી પક્ષે બચાવ લીધેલ કે આરોપી સાથે ફરીયાદ અન્વયેનો જે વ્યવહાર થયેલો તે રકમ ઈન્કમટેક્ષ રીટર્ન મા જણાવેલ નથી આમ રકમ ઈન્કમટેક્ષ રીટર્ન મા નહી બતાવા માત્ર થી આરોપીને આપેલ રકમ કાયદેસર નથી તેવુ માની શકાય નહી. વધુમા ફરીયાદી એ હકીકત ઉલટ તપાસમા એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે આરોપી તારીખ ૪/૩/૨૨ ના રોજ આવેલા હોય અને તેમની

પાસેથી રોકડા પૈસા લઈ ગયેલા અને તે દિવસે સીકયુરીટી પેટે ચેક આપેલ હોય અને તે તમામ વિગત ચેકમા ભરી ને ફરીયાદીને આપેલ

આમ બચાવપક્ષ દ્વારા ઉલટ તપાસમા જે બચાવ લીધેલ છે તે અન્વયે કોઈ સબંધીત સાક્ષી કે સલગ્ન કોઈ પુરાવો રજુ કરેલ નથી તે ઉપરથી એવી કોઈ હકીકત સાબીત થતી નથી કે ફરીયાદીએ આરોપીને જે ફરીયાદ અન્વયેની રકમ આપેલ કે કાયદેસરના લેણા પેટે વસુલ થવા પાત્ર ન હોય તેમજ ફરીયાદ પક્ષનમા કેસમા વ્યાજબી શંકા ઉપજે કે સંભવતી શંકા ઉપજે તેવી હકીકત બચાવ પક્ષ દ્વારા સાબીત થતી નથી તેમજ સદર એકટની કલમ ૧૩૯ અન્વયે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાનુ ખંડન કરી શકેલ નથી. વધુમા આરોપી નુ ફરધર સ્ટેટમેન્ટ મા એવો કોઈ જવાબ કે ખુલાસો પણ આપેલ નથી.

વધુમાં આ કોર્ટના ઉપરોકત તારણ અંગે **1996 CRI. L.J 3099, "Satish Jayntilal Shah vs. Mashruwala & Anr. "** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે, જે ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પારા–૯ માં નીચે મુજબ ઠરાવેલ છે.

9. While admitting issuance of disputed cheques. Mr. Gupta, the learned Advocate for the applicant/accused vehemently argues that the body of cheques is not written by the drawer and that the cheques were not voluntarily given in discharge of legal debt or liability and thus provisions of Section 138 of the Negotiable Instruments Act are not applicable. On this point, he relies upon decision reported in the case of T.N. Khambati v. M/ s. Vinayak Enterprises1. Mr. K.P. Raval, learned APP. appearing for the State has invited my attention to cross-examination on be half of the **applicant and statement of accused under Section 313 of Criminal Procedure Code wherein issuance of cheque has been clearly admitted. In my view, this question being purely a question of facts** cannot be raised and appreciated while exercising revisional jurisdiction more particularly when no such contention was ever raised before the Trial Court. The only defence

advanced before the Trial Court is that the cheques were given to the complainant as advance payment towards the goods to be delivered in future. Thus, the applicant clearly admitted execution hence this contention needs no consideration and be rejected. **Apart from this fact, no law provides that in case of any negotiable Instrument entire body has to be written by maker or drawer only, What is material is signature of drawer or matter and not the body writing, hence question of body writing has no significant.**

વધુમાં, આ અંગે **1998 CRI.L.J 3228, "Bhaskaran Chandrasekharan v. Radhakrishnan"** નો ચુકાદો ધ્યાને લેતા, તે ચુકાદામાં નામદાર કેરલ હાઈકોર્ટે પારા–૬ માં નીચે મુજબ ઠરાવેલ છે.

6. In the instant case, signature is admitted. According to the drawer of the cheque, amount and the name has been written **not by the drawer but by somebody else** or by the payee and tried to get it encashed. **We are of the view, by putting the amount and the name there is no material alteration on the cheque under S. 87 of the Negotiable Instruments Act.** In fact there is no alteration but only adding the amount and the date. **There is no rule in banking business that payee's name as well as the amount should be written by drawer himself.** .... **The mere fact that the payee's name and the amount shown are not in the handwriting of the drawer does not invalidate the cheque. No law provides in the case of cheques the entire body has to be written by the drawer only.** What is material is the signature of the drawer and not the body of the instrument. **Therefore when the drawer has issued the cheque whether the entire body was written by the drawer written beyond the instructions of the drawer, whether amount is due or not, those and such matters are defences which drawer has to raise and prove it.** Therefore the mere fact that the payee's name and the amount shown in the cheque are in different handwriting is not a reason for not honouring the cheque by the Bank. Banks would normally see whether the instrument is that of the drawer

and the cheque has been signed by the drawer himself. The burden is therefore entirely on the drawer of the cheque to establish that the date, amount and the payee's name are written by somebody else without the knowledge and consent of the drawer. In the instant case, the drawer of the cheque has not discharged that burden. Apart from the interested testimony of the drawer, no independent evidence was adduced to discharge the burden.

વધુમાં, આરોપી પક્ષની ઉપરોકત તકરાર અંગે નામદાર દિલ્હીહાઈકોર્ટનો **2012 (1) DCR 189 "M/S. The Jammu & Kasmir Bank vs. Abhishek Mittal"** નો ચુકાદો ધ્યાને લેતા, સદરહું ચુકાદામાં નામદારદિલ્હી હાઈકોર્ટે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ રીફર કરી પેરા–૬ માં ઠરાવેલ છે કે, "The plea taken by the respondent that the blank cheques had been given by him is of no consequence. Respondent has admitted his signature on the cheques. **There is no law that a person drawing the cheque has to necessarily fill it up in his own handwriting. Respondent has not denied his signatures on the cheques. Once he has admitted his signature on the cheques he can not escape his liability on the ground that the same has not been filled in by him. When the blank cheque is signed and handed over, it means that the person signed it has given implied authority to the holder of the cheque, to fill up the blank which he has left. A person issuing a blank cheque is supposed to understand the consequences of doing so.** He can not escape his liability only on the ground that blank cheque had been issued by him."

(૧૪.૩) આમ, આ કેસમાં પણ સદરહુ સવાલવાળા ચેકમાં આરોપીની સહિ હોવા બાબતે આરોપીપક્ષે કોઇ તકરાર લેવામાં આવેલ નથી તથા સવાલવાળો ચેક આરોપી દ્બારા ફરિયાદીને તેમનું હાથ ઉછીનું કાયદેસરનું દેવુ અદા કરવા માટે આપવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ પરથી સાબિત થાય છે. બચાવપક્ષ દ્વારા આ હકીકતની વિરૂધ્ધની કોઈ હકીકત સાબીત કરવામાં આવેલ નથી. તે તમામ સંજોગોમાં ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રતિપાદીત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આ કામે આરોપી તરફે,

સવાલવાળા ચેકની વિગતો અંગે ઉપરોકત જે તકરાર લેવામાં આવેલ છે, તે તકરાર આ કોર્ટને ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી.

(૧૫) ઉપરોક્ત નામદાર અદાલતના ચુકાદાને ધ્યાનમાં લઈને આરોપીએ પોતાના બચાવમાં જણાવેલ હકીકત મુજબ આરોપીએ કોઇ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીએ પોતાનું કાયદેસરનું લેણું અને જવાબદારી પેટે ચેક આપેલ છે તેવું માનવાને કારણ છે જે હકીકત ફરીયાદી પુરવાર કરવામાં સફળ થયેલ છે. આ કામે આરોપી તરફે એવી દલીલ કરેલી છે કે, ફરીયાદીને આપેલ ચેકનો દુરઉપયોગ કરેલ છે. આ કામે ફરીયાદી અને આરોપી વચ્ચે કોઇ વ્યવહાર થયેલ ના હોય, તથા કોઈ કાયદેસરનું લેણું ચુકવવાનું ના નિકળતુ હોય તેવું દર્શાવતું કોઇ કોન્ટ્રાડીકશન આરોપીતરફે ઉલટતપાસમાં લાવી શકેલા નથી.

(૧૫.૧) ઉપરોકત ચુકાદાઓમા પ્રસ્થાપીત થયેલ માર્ગદર્શક સિધ્ધાંતો, હાથ ઉપરના કેસની હકિકતો, રજુ કરવામાં આવેલ પુરાવા, દલીલો જોતાં અત્રેની અદાલત એવા તારણ ઉપર આવેલ છે કે, આરોપીએ ફરીયાદી પાસેથી રૂા. ૯ , ૩૦ , ૦૦૦ /– ની ધંધા અર્થે લીધેલ હતા જે રકમ ચુકવવા માટે પોતાના ખાતાનો ચેક ઈસ્યુ કરેલ. જે લેણી રકમ પેટેનો ચેક બેંક ઓફ બરોડાઈ માર્કેટયાર્ડ શાખાલ ધોળકાનો તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજનો રૂા.૯,૦૦,૦૦૦/– નો ચેક નં.૦૦૦૦૩૬ આ કામના તહોમતદારે તેઓની સહી કરીને ફરીયાદીને આપેલ. ફરીયાદીએ તહોમતદારે આપેલ ઉપરોકત ચેક તા.૧૫/૦૩/૨૩ ના રોજ ભારતીય સ્ટેટ બેંક,કેલીયાવાસણા શાખામાં જમા કરાવતા તેઓએ આપેલ ચેક તેઓના આશ્ચર્ય અને આઘાતની વચ્ચે ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે સ્વિકારાય વગર પરત આવેલઈ આમલ આ કામના તહોમતદારે ફરીયાદીને તેઓની લેણી રકમ પેટે આપેલ ચેક કે જે ચેક તહોમતદારે જાણીબુઝીને તેમના ખાતામાં અપુરતુ ભંડોળ હોવા છતાં તેઓની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવાના બદઈરાદે અને તેઓની લેણી રકમ વસુલ નહી આપવાના બદઆશયથી આપેલ તે ચેક તહોમતદારના ખાતામાં અપુરતુ ભંડોળ હોવાના કારણે સ્વીકારાયા વગર પરત આવેલ હોઇ આ કામના તહોમતદારે તેઓની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–

૧૩૮ ની જોગવાઈઓ હેઠળ દંડ, સજા તથા વળતરને પાત્ર ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન તથા ફરિયાદી તથા આરોપીના વિ.વ.શ્રીઓની દલીલો તથા જે ચુકાદાઓ ઉપર આધાર રાખે છે તેનું ઉપરોક્ત ચર્ચા કરેલ કારણોસર એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે તથા આ કામે આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા ૧૩૯ હેઠળ કરવામાં આવતાં અનુમાનોનું ખંડન આરોપી કરી શકેલ નથી. આમ, ફરીયાદ પક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ આરોપીને તકસીવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ હોવાથી આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવું છું.સદર કેસ વોરંટ ટ્રાયેબલ રીતે ચાલેલ નથી, સમન્સ ટ્રાયેબલ રીતે ચાલેલ છે. તેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૫ મુજબ આરોપીપક્ષને સજા બાબતે સાંભળવા આવશ્યક નથી આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કેદની સજા ૨ વર્ષ સુધી લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ શકે તેમ છે. આ બાબતની ચર્ચા ભાસ્કરણના કેસમાં પણ કરવામાં આવેલ છે. અદાલતે કોડની કલમ–૩૫૭(૩) ની જોગવાઈઓનો ઉદારતા પૂર્વક લાભ આપવો જોઈએ પેટા કલમમાં વળતર અંગે કોઈ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેથી મેજીસ્ટ્રેટ કોઈ પણ રકમ વળતર તરીકે અપાવી શકે છે. અલબત આવી વળતરની રકમ નકકી કરતી વખતે મજીસ્ટ્રેટે એવી વિચારણા કરવાની છે કે, ફરીયાદીને વળતર ચૂકવવા અંગે એવોર્ડ કરવાની સતા છે સાથે ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૫૭(૫)પણ ધ્યાને લેવી જરૂરી છે.આમ જયારે મેજીસ્ટ્રેટને લાગે કે ફરીયાદીને વળતર આપવું જોઈએ તો તે કેદની સજા કર્યા પછી ફરીયાદીને વળતર અંગે એવોર્ડ કરી શકશે જે કોડની કલમ–૩૫૭ માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. વળતરની રકમ કાયદા, હકીકત અને સંજોગોને ધ્યાને લઈને નકકી કરવી જોઈએ, વળતર ફરીયાદીને થયેલ વાજબી નુકસાન, આર્થિક તથા માનસિક હેરાનગતિ તથા

આરોપીને આપેલ રકમનું ગણતરી કરી આર્થિક વળતર તેને આપવું જોઈએ. ઉપરોકત તમામમાં હેરાનગતિ અને કોર્ટ પ્રોસિડિંગમાં થયેલ ખર્ચ પણ ધ્યાને લઈ શકાય. ફરીયાદીએ આરોપી સામે સાત લાખ રુપિયાનો કેસ કરેલ છે. ફરીયાદીના આર્થિક રોકાણ અને ધંધાકીય/નાણાકીય વ્યવહારમા વેપાર જગતમા ચેકો અન્વયે જે વ્યવહાર થતા હોય તેમા વિશ્વાસ અને ભરોસો જળવાઈ અને ફરીયાદીને સદર ફરીયાદ દાખલ કર્યા બાદ જે હેરાનગતી પડેલ છે તે અને સદર રકમ અન્વયે જે નાણા ફરીયાદીના રોકાઈ ગયેલ હોય આ કામનો ન્યાયીક અંત આણવા સારૂ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના અંગે ફરીયાદપક્ષ મુદ્દા નંબર (૧) ની હકિકત પુરવાર કરવામાં સફળ થયેલ હોય, તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય મુદા નંબર ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

--// આખરી હુકમ //--

૧. આ કામના આરોપી હાર્દિકકુમાર યોગેશકુમાર પંડયા રહે.બ્રહ્મપુરી ફળીયુ, ગામ ઘડી, સાબરકાંઠા, પ્રાંતીજ, ગુજરાત, – ૩૮૩૨૧૫ હાલ રહે.બંગલા નં.૨૫, મલબાર હિલ સોસાયટી, ડી.પી.દેસાઇ,હાઇસ્કુલ પાસે,ડી–માર્ટની બાજુમાં, નડીયાદ.વાળાને સી.આર.પી.સી. કલમ–૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષ (**એક વર્ષ**) ની સાદી કેદની સજા તથા રૂ.૧૮,૫૦,૦૦૦(અઢાર લાખ પચાસ હજાર પુરા) દંડની સજા કરવામા આવે છે અને દંડની રકમ ભરવામા કસુર કરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

૨. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૫) અન્વયે દંડની રકમમાંથી ફરીયાદીને વળતર, ખર્ચ, વ્યાજની તમામ ગણતરી કરી કુલ રૂ.૧૮,૫૦,૦૦૦ (અઢાર લાખ પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે આપવાનો હુકમ કરવામા આવે છે. તથા દંડની રકમ આરોપી પાસેથી તેની જે કોઈ પણ મિલકત હોય તેના

ઉપરથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૨૧ મુજબ રેવન્યુની બાકી રકમ તરીકે રીકવર કરવા પાત્ર રહેશે.

૩. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ (૧) મુજબ આરોપીએ ભરેલ દંડમાંથી ફરીયાદીને વળતર પેટે રૂા.૧૮,૫૦,૦૦૦ (અઢાર લાખ પચાસ હજાર પુરા) ખાસ વળતર તરીકે ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૨૦૯ મુજબ ચુકવી આપવાનાં રહેશે.

૪. આરોપીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૬૩(૧) મુજબ આ હુકમની પ્રમાણિત નકલ તાત્કાલિક વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૩૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નું ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦–૦૪–૨૦૨૬

ધોળકા.

(બટુકરાજ મહેન્દ્રકુમાર ગઢિયા)

એડિશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,

ધોળકા. કોડ નં.જી.જે.૧૧૭૬